# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

**1)** દ્વિપક્ષિય વ્યાવસાયિક સંબંધોને વધુ સુદ્રઢ બનાવવા ભારત અને ન્યુઝીલેન્ડે મુક્ત વેપાર કરાર કર્યો.

**2)** ગોવાની જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપ ગઠબંધન NDAની સાથે પૂર્ણ બહુમતી સાથે જીત મેળવી.

**3)** દેશમાં આ વર્ષે આઠ લાખ હેક્ટરના વધારા સાથે 80 લાખ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું.

**4)** બાંગ્લાદેશ હાઈ કમિશને ભારતમાં તમામ કોન્સ્યુલર સેવાઓને અસ્થાયી રૂપે સ્થગિત કરી.

**5)** મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકાની બીજી T20 મેચ આજે વિશાખાપટ્ટનમમાં રમાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA-TRADE AGREEMENT

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર હેઠળ FTA પછી, ભારતને ન્યુઝીલેન્ડમાં 100 ટકા માલની નિકાસ ડ્યુટી ફ્રિ રહેશે.

FTA ભારતીય નિકાસ માટે ન્યુઝીલેન્ડમાં બજાર ઍક્સેસ અને ટેરિફ પસંદગીઓને વધારે છે, જ્યારે વિશાળ ઓશનિયા અને પેસિફિક ટાપુ બજારો માટે પ્રવેશદ્વાર બનશે. મુક્ત વેપાર કરાર બંને દેશો વચ્ચે રોકાણ ભાગીદારીને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે. કરારના ભાગ રૂપે, ન્યુઝીલેન્ડ આગામી પંદર વર્ષોમાં ભારતમાં 20 અબજ યુએસ ડોલરના રોકાણને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે FTA ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને નવીનતાઓ માટે વેપારનું નિર્માણ કરીને વિવિધ તકોનું નિર્માણ કરશે.

## BYTE: પિયુષ ગોયલ

મંત્રીએ ભાર મૂક્યો કે આ પરસ્પર લાભદાયી કરાર ભારત-ન્યુઝીલેન્ડ આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે અને વિકસિત રાષ્ટ્ર બનવાની યાત્રા તરફ ભારતની યાત્રાને આગળ વધારશે.

# GOA ELECTIONS

ગોવાની જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપ ગઠબંધન NDAની સાથે પૂર્ણ બહુમતી સાથે જીત મેળવી છે. ૫૦ બેઠકોમાંથી, ભાજપે પોતાના ૪૦ અને ગઠબંધનના ૩ ઉમેદવારો, કુલ ૪૩ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

કુલ 50 મતવિસ્તારોમાં 226 ઉમેદવારોએ ચૂંટણી લડી હતી, જેમાં ભાજપ, કોંગ્રેસ, AAP, ગોવા ફોરવર્ડ પાર્ટી (GFP) અને મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટી (MGP) સહિતના મુખ્ય દાવેદારોનો સમાવેશ થાય છે.

કોંગ્રેસે 8 બેઠકો જીતી છે, જ્યારે અપક્ષોએ 5 બેઠકો જીતી છે. MGP 2 બેઠકો સાથે, GFP 1 બેઠક સાથે, AAP 1 બેઠક સાથે અને RGP 1 બેઠક સાથે, વર્તમાન સંખ્યા પૂર્ણ કરે છે.

આ પરિણામો પછી, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે ઉત્તર અને દક્ષિણ ગોવામાં ભાજપ અને ગઠબંધનના ઉમેદવારોને ચૂંટવા બદલ ગોવાના મતદારોનો આભાર માન્યો છે

ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના સમર્થન પર પ્રકાશ પાડ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ભાજપની "ડબલ-એન્જિન" સરકાર આર્થિક વિકાસ, મહિલા સશક્તિકરણ અને સર્વાંગી વિકાસ માટે પૂરાજોશ સાથે કાર્ય યથાવત રાખશે.

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપ-MGP ગઠબંધનને મજબૂત સમર્થન આપવા બદલ ગોવાના લોકોનો આભાર માન્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આ વિજયથી રાજ્યના વિકાસ માટે NDAના પ્રયાસોમાં વધુ જોશ આવશે. તેમણે કહ્યું કે, NDA આ અદ્ભુત રાજ્યના લોકોના સપના અને આકાંક્ષાઓને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રી મોદીએ ઉમેર્યું કે મહેનતુ NDA કાર્યકરોએ પાયામાંથી પ્રશંસનીય કાર્ય કર્યું છે, જેના કારણે આ પરિણામ મળ્યું છે. શ્રી મોદીએ ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંતની સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ આપતા આ વાત કહી, જેમણે રાજ્યના લોકોનો ભાજપમાં વિશ્વાસ મૂકવા અને તેને પ્રચંડ વિજય માટે આશીર્વાદ આપવા બદલ આભાર માન્યો હતો.

# CROP

દેશભરમાં આ વર્ષે આજ સુધીમાં પાંચસો ૮૦ લાખ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું છે જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન લગભગ આઠ લાખ હેક્ટર કરતાં વધુ છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે આ મહિનાની ૧૯મી તારીખ સુધીમાં રવિ પાક અંગે મંત્રાલયે જણાવ્યું હતું કે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૩૦૦ લાખ હેક્ટરની સરખામણીમાં ઘઉં હેઠળ ૩૦૧ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર કવરેજ નોંધાયું છે. તેમાં ઉમેર્યું હતું કે કઠોળનો કવરેજ ૧૨૬ લાખ હેક્ટરથી વધુ છે, જ્યારે ચોખામાં ૧૩ લાખ હેક્ટરથી વધુનો નોંધપાત્ર વધારો નોંધાયો છે.

# MINISTER OF STATE ANUPRIYA

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું છે કે છેલ્લા અગિયાર વર્ષમાં દેશમાં આરોગ્ય સંભાળના ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

નવી દિલ્હીમાં વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજ અને સફદરજંગ હોસ્પિટલના 7મા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રીમતી પટેલે કહ્યું કે, સરકારનો ઉદ્દેશ્ય આરોગ્ય સંભાળને સુલભ અને ગુણવત્તાયુક્ત બનાવવાનો છે.

## BYTE- ANUPRIYA-PATEL

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# AFGHANISTAN MINISTER'S VISIT

ભારતે, અફઘાનિસ્તાનને દવાઓના પુરવઠા પર ધ્યાન કેન્દ્રિત કરીને માનવતાવાદી સહાય અને આરોગ્યસંભાળ સહયોગ યથાવત રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેની આરોગ્યસંભાળ વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે દવાઓ, રસીઓ અને 128-સ્લાઇસ સીટી સ્કેનરની મોટી સહાય સાધન સામગ્રી અફઘાનિસ્તાન મોકલવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે નવી દિલ્હીમાં યોજાયેલ પરંપરાગત દવા પરના બીજા WHO ગ્લોબલ સમિટમાં ભાગ લેવા અફઘાન મંત્રી શ્રી મૌલવી નૂર જલાલીએ 16 થી 21 ડિસેમ્બર સુધી ભારતની મુલાકાતે હતા.

શ્રી જલાલી વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહને પણ મળ્યા હતા. બેઠક દરમિયાન, બંને પક્ષોએ ચાલુ આરોગ્યસંભાળ સંબંધિત વિકાસ પ્રોજેક્ટ્સ, આરોગ્ય પર સંયુક્ત કાર્યકારી જૂથની રચના, અફઘાનિસ્તાનમાં કેન્સર સારવાર સુવિધાઓની સ્થાપના અને અફઘાન ડોકટરો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમો માટે તબીબી ડોકટરોની એક ટીમ અફઘાનિસ્તાન મોકલવાની ચર્ચા કરી.

# TELANGANA

તેલંગાણામાં તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયત ચૂંટણીઓમાં ચૂંટાયેલા સરપંચો અને વોર્ડ સભ્યોએ ગઈકાલે પદ સંભાળ્યું છે.

તેલગાણામાં ૧૨,૭૨૮ ગ્રામ પંચાયતો માંથી, ૧૧,૪૯૭ સરપંચો ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાઇ હતી. ૧૨૦૫ સર્વાનુમતે ચૂંટાયા હતા જ્યારે કેટલીક પંચાયતોને કાં તો નામાંકન વિનાની પંચાયતની ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવી હતી.

વધુમાં, ૮૫,૯૫૫ વોર્ડ સભ્યો મતદાન દ્વારા ચૂંટાયા હતા જ્યારે ૨૫,૦૦૦ થી વધુ સભ્યો સર્વાનુમતે ચૂંટાયા હતા.

## BANGLADESH HIGH COMMISSION

નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશને,અનિવાર્ય સંજોગોને કારણે બાંગ્લાદેશના વિઝા આપવા સહિતની તમામ કોન્સ્યુલર સેવાઓને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે.

બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સસ્પેન્શન આગામી સૂચના સુધી અમલમાં રહેશે. બાંગ્લાદેશના અગ્રણી દૈનિક ધ બિઝનેસ સ્ટાન્ડર્ડના અહેવાલ મુજબ, સોમવારે આ નિર્ણયની પુષ્ટિ કરવામાં આવી હતી.

## AST

યુનાઇટેડ સ્ટેટ્સનો AST સ્પેસ મોબાઇલ બ્લુબર્ડ બ્લોક-2 કોમ્યુનિકેશન સેટેલાઇટ આવતીકાલે LVM3-M6 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવશે.

LVM3ની આ છઠ્ઠી ઓપરેશનલ ફ્લાઇટ વાણિજ્યિક મિશન છે જે ઉપગ્રહને લો અર્થ ઓર્બિટમાં મૂકશે. બ્લુબર્ડ બ્લોક-2 LEO માં સૌથી મોટો વાણિજ્યિક સંચાર ઉપગ્રહ હશે અને ભારતમાંથી LVM3 દ્વારા લોન્ચ કરાયેલ સૌથી ભારે પેલોડ હશે.

આ ઉપગ્રહ AST સ્પેસ મોબાઇલની આગામી પેઢીની સિસ્ટમનો ભાગ છે જે ખાસ હાર્ડવેર વિના માનક સ્માર્ટફોનને સીધી સેલ્યુલર બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરે છે. તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક 4G/5G કનેક્ટિવિટી પ્રદાન કરવાનો છે, જેનાથી અવકાશમાંથી સીધા કોલ, વેબ એક્સેસ અને વિડિયો સેવાઓ સક્ષમ બને છે.

LVM3એ ISRO દ્વારા વિકસિત ત્રણ-તબક્કાનું લોન્ચ વાહન છે અને અગાઉ ચંદ્રયાન-2, ચંદ્રયાન-3 અને વનવેબ મિશન લોન્ચ કરવામાં આવ્યા છે.

## AMERICAN SHIP

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 'ગોલ્ડન ફ્લીટ'ના તેમના વિઝનના ભાગ રૂપે, અમેરિકન નેવી માટે નવું વિશાળકાય, યુદ્ધ જહાજ નિર્માણની યોજના જાહેર કરી છે

ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ જહાજ અત્યાર સુધી બનેલા કોઈપણ યુદ્ધ જહાજ કરતાં ઝડપી, મોટું અને ઘણું શક્તિશાળી હશે. તેમણે કહ્યું કે તે બીજા વિશ્વયુદ્ધના યુગના આયોવા-ક્લાસ યુદ્ધ જહાજો કરતાં મોટું હશે અને હાઇપર સોનિક મિસાઇલો, રેલ ગન અને લેસર શસ્ત્રોથી સજ્જ હશે.

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ મેચની શ્રેણીની બીજી T20 મેચ આજે વિશાખાપટ્ટનમના ડૉ. વાય.એસ રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં રમાશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થવાની છે.

યજમાન ટીમે શ્રેણીમાં 1-0થી લીડ મેળવી લીધી છે. કેપ્ટન હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ગયા રવિવારે વિશાખાપટ્ટનમમાં રમાયેલી પહેલી T20 મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું હતું.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ ન્યૂઝીલેન્ડ ભારત મુક્ત વેપાર કરાર સમાચારને પ્રથમ પાને છાપ્યા છે. દિવ્ય ભાસ્કર લખે છે, ન્યૂઝીલેન્ડમાં ભારતીય સામાનટેરિફ મુક્ત, વિદ્યાર્થીઓ ત્રણ વર્ષ કામ કરી શકશે 5 હજાર સ્કીલ્ડ વિઝા પણ મળશે
- સંદેશ લખે છે, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ
- નવગુજરાત સમય લખે છે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર થશે.
- ગુજરાત સમાચારે અરવલ્લીના 90% ડુંગરોનો ભૂ માફિયા સફાયો કરશે. આ સમાચાર રાજસ્થાનમાં થયેલ દેખાવ સાથેની તસવીરો સાથે પ્રસિદ્ધ કર્યા છે.